ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછ.
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષય:–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછ ની અરજી આઈ.ડી. નં. ૧૭૫, તા.૩૦/૦૫/૨૦૧૫ બાબત.

સંદર્ભ:– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૩૮ તા.૨૫/૬/૧૫
(૨) અરજદારની અપીલ અરજી તા.૪/૭/૧૫.
(૩) અત્રેના વિભાગનો પત્ર આરટીઆઈ/જાવક/૪૮ તા.૯/૭/૧૫

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદારશ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછની અરજી નં.–૧૭૫ (નોર્થ ઝોન), તા.૫/૦૬/૨૦૧૫ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૩૮, ૨૫/૦૬/૧૫ ના અનુસંધાનમાં અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ હેઠળના પત્રથી અપીલ અરજી તા.૦૬/૦૭/૨૦૧૫ ના રોજ અત્રેના ખાતાને મળેલ જેના અનુસંધાનમાં અરજદારશ્રીને તેમની તા.૨૦/૦૭/૨૦૧૫ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે આપની અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ અરજદારશ્રીને જરૂરીયાત મુજબની વિગતો પુરી પાડવા રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું, જેના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત તથા રૂબરૂ ચર્ચા–વિચારણા /સમજને ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજી તા.૪/૦૭/૧૫ અન્વયે અપીલ અધિકારીશ્રી સમક્ષ તા.૨૦/૦૭/૨૦૧૫ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ તે મુજબ હાજર રહયા હતા. જેના અનુસંધાનમાં અરજદારને રૂબરૂ સમજ આપી હતી અને ડ્રેનેજ ખાતાના કોન્ટ્રાકટર ધ્વારા કામગીરી દરમિયાન ઘરની પાણીની નળીકા તુટી જવાથી તેઓશ્રી ધ્વારા અગાઉ રીપેર કરવામાં આવેલ. પરંતુ પાણી ધીમા દબાણથી આવતું હોવાથી અરજદારની રૂબરૂ રજુઆત અનુસંધાને તા.૨૨/૭/૧૫ નાં રોજ ફરીથી સદર નળીકા રીપેર કરી આપવામાં આવેલ છે અને તે બાબતે સ્થળ પરના સુરત મહાનગરપાલિકાના સુપરવાઈઝરી સ્ટાફ પ્રતિ આ કામગીરી બદલ અરજદારે સંતોષ વ્યકત કરેલ છે.જેથી અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૫૧
તા.૨૮/૦૭/૨૦૧૫

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩) શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછ,

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯
☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
🖷 (૨૬૧) ૨૭૮૩૭૫૧
✉ xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in

ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રીમહેશચંદ્ર જે. નવસારીવાલા.
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષય:–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલા. ની અરજી આઈ.ડી. નં. ૭૮૩, તા.૦૨/૦૭/૨૦૧૫ બાબત.

સંદર્ભ:– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૫૨ તા.૨૮/૭/૧૫
(૨) અરજદારની અપીલ અરજી તા.૫/૮/૧૫.
(૩) અત્રેના વિભાગનો પત્ર આરટીઆઈ/જાવક/૫૪ તા.૭/૮/૧૫

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદારશ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલા.ની અરજી (સેન્ટ્રલ ઝોન) આઈ.ડી. નં.– ૭૮૩ તા.૨/૦૭/૨૦૧૫ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૫૨, ૨૮/૦૭/૧૫ ના અનુસંધાનમાં અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ (૨) હેઠળના પત્રથી અપીલ અરજી તા.૦૫/૦૮/૨૦૧૫ ના રોજ અત્રેના ખાતાને મળેલ જેના અનુસંધાનમાં અરજદારશ્રીને તેમની તા.૧૩/૦૮/૧૫ ના રોજ બપોરે ૧૨: ૩૦ કલાકે અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ અરજદારશ્રીને જરૂરીયાત મુજબની બાકી રહેતીહોવાની રજુઆત માટે વિગતો પુરી પાડવા રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું. જેના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રીની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો તા.૨૮/૦૭/૨૦૧૫ નો પ્રત્યુત્તર તથા અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજી, તા.૦૫/૦૮/૨૦૧૫ અન્વયે અપીલ અધિકારીશ્રી સમક્ષ તા.૧૩/૦૮/૨૦૧૫ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ તેઓશ્રી હાજર રહયા હતા. જેના અનુસંધાનમાં અરજદારને રૂબરૂ સમજ આપી હતી. અને ડ્રેનેજ ખાતા તરફથી જરૂરી ચકાસણી કરી, સ્થળ તપાસ કરી કાર્યવાહી કરવામાં આવેલ છે અને તે બાબતે અરજદારે સંતોષ વ્યકત કરેલ છે. આથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૨૮
તા.૧૯/૦૮/૨૦૧૫

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩) શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલા.

ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રી ડી. કે. નંદનવાર
સામાવાળા :– ૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સીવીલ – ડ્રેનેજ વિભાગ)
૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રી (ટાઉન પ્લાનીંગ વિભાગ)
૩) જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલિક શાખા)

**ફરિયાદની હકિકત :**

વિષય : આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ડી. કે. નંદનવારની અરજી આઈ.ડી. નં. ૧૮૪૬, તા.૨૧/૧૦/૨૦૧૫ બાબત.

સંદર્ભ : (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/આ.નં. ૮૮, તા.૧૮/૧૧/૨૦૧૫
(૨) અરજદારની તા.૦૮/૧૨/૨૦૧૫ની અપીલ અરજી.

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદારશ્રી ડી. કે. નંદનવારની તા.૦૮/૧૨/૨૦૧૫ની અપીલ અરજીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર, પત્ર નં. ડીએનજી/આરટીઆઈ/આ.નં. ૮૮, તા.૧૮/૧૧/૨૦૧૫ ના અનુસંધાનમાં અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ તથા રજુઆત માટે અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ (૨) હેઠળના પત્રથી અપીલ અરજી તા.૦૮/૧૨/૨૦૧૫ ના રોજ મળેલ. જેના અનુસંધાનમાં અરજદારશ્રીને તા.૧૭/૧૨/૨૦૧૫ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે તેઓશ્રીની અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ તેઓશ્રીને જરૂરીયાત મુજબની વિગતો પુરી પાડવા રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું, જેના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ :૨ હેઠળની અપીલ અરજી તા.૦૮/૧૨/૨૦૧૫ અન્વયે અપીલ અધિકારીશ્રી સમક્ષ તા.૧૭/૧૨/૨૦૧૫ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ તે મુજબ હાજર તેઓશ્રી રહયા હતા. જેના અનુસંધાનમાં અરજદારને રૂબરૂ સમજ આપી અત્રેના વિભાગનાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે હયાત ડીંડોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સુએઝ પંપીંગ સ્ટેશનને કંમ્પાઉન્ડ વોલ વડે આરક્ષિત કરેલ પ્લોટનો (સલંગ્ન બ્લોક નંબર સહિત) પાર્ટ પ્લાન દિન – ૧૦ માં પુરો પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૯૯
તા.૧૮/૦૧/૨૦૧૬

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ડ્રેનેજ પ્રતિ, ..... જાણ તથા અમલ માટે.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનરશ્રી (ટાઉન પ્લાનીંગ વિભાગ), જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (હાઈડ્રોલિક વિભાગ) પ્રતિ, ....... જાણ સારૂ.
(૩) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ, ..... જાણ સારૂ.
(૪) શ્રી ડી. કે. નંદનવાર

ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રી નગીનભાઈ પી. ચૌહાણ / શ્રી મુકેશભાઈ સી. પટેલ
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષય:–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નગીનભાઈ પી. ચૌહાણ / શ્રી મુકેશભાઈ સી. પટેલ ની અરજી આઈ.ડી. નં. ૯૧૯, તા.૨૭/૦૫/૨૦૧૫ બાબત.

સંદર્ભ:– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૩૫ તા.૧૯/૬/૧૫
(૨) અરજદારની અપીલ અરજી ન.૪૨ તા.૨૨/૭/૧૫.

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદારશ્રી નગીનભાઈ પી. ચૌહાણ / શ્રી મુકેશભાઈ સી. પટેલ અપીલ અરજી નં.–૪૨ (સાઉથ ઝોન), તા.૧૪/૦૭/૨૦૧૫ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર, પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૩૫, ૧૯/૦૬/૧૫ ના અનુસંધાનમાં અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ તથા રજુઆત માટે અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ (૨) હેઠળના પત્રથી અપીલ અરજી તા.૧૪/૦૭/૨૦૧૫ ના રોજ મળેલ. જેના અનુસંધાનમાં અરજદારશ્રીને તા.૩૦/૦૭/૧૫ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે તેઓશ્રીની અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ અધુરી હોયતો તે જરૂરીયાત મુજબની વિગતો અરજદારને પુરી પાડવા તથા રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા જણાવેલ હતું, અને જે અન્વયે તેઓશ્રી ઈ.ચા.શ્રી એમ. જે પાટીદારની રૂબરૂ હાજર રહી, અને અરજદારે રજુઆત મુજબ તેઓ કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ) શ્રી ઈ. એચ. પઠાણ સાહેબને રૂબરૂ મળવા માંગતા હોય, ફરી તા.૧૧/૮/૧૫ નાં રોજ બપોરે ૧૨–૩૦ કલાકે રૂબરૂ મળવા જણાવવામાં આવેલ હતુ. જેના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારશ્રીની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો પત્ર અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ(૨) હેઠળની તા.૧૪/૦૭/૨૦૧૫ ની અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી સમક્ષ તા.૩૦/૦૭/૨૦૧૫ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ તેઓ હાજર રહયા હતા. સુનાવણી /ચર્ચા દરમ્યિાન તેઓને બધી સમજ આપવામાં આવેલ. પરંતુ અરજદારે અન્ય કોઈ તારીખ / સમય ફાળવી આપવા કરેલ રૂબરૂ રજુઆતને ધ્યાને લઈ તેઓને તા.૧૧/૮/૧૫ નાં રોજ ફરી રૂબરૂ હાજર રહેવા પત્ર લખી જાણ કરવામાં આવેલ હતી. તેઓશ્રી નિયત તારીખ / સમયે હાજર રહેલ નહી તેમજ તેઓ તરફથી અન્ય કોઈ રજુઆત મળેલ ન હોઈ, અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૫૩
તા.૦૬/૦૮/૨૦૧૫

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩) શ્રી નગીનભાઈ પી. ચૌહાણ / શ્રી મુકેશભાઈ સી. પટેલ

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯
☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
(૨૬૧) ૨૭૮૩૭૫૧
xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in